રજુ તારીખ – ૧૭/૦૨/૨૦૨૬
દાખલ તારીખ– ૧૭/૦૨/૨૦૨૬
ફેંસલ તારીખ – ૧૩/૦૩/૨૦૨૬
અવધિ – વર્ષ માસ દિવસ
૦૦ ૦૦ ૨૪

**આંક–**

---

**ભાવનગરના મે.૩'જા એડી. ડિસ્ટ્રીકટ & સેશન્સ જજ સાહેબની કોર્ટમાં**

---

**ફોજદારી પરચુરણ અરજી નં.૩૧૬/૨૦૨૬**

---

**અરજદારો –** (૧) **સુનિલ ઘીસાલાલ મંડલોઇ,**
ઉ.વ.આ.૨૪, ધંધો–ડ્રાઈવીંગ,
ઠે. પટેલપુરા, દોગાવા ગામ, તા.કુકશી,
જી.ધાર. મધ્યપ્રદેશ.

(૨) **લોકેશ જગદીશભાઇ દાવર,**
ઉ.વ.૨૨, ધંધો–મજુરી,
રહે. કોડા ગામ, તા.કુકશી, જી.ધાર.
મધ્યપ્રદેશ.
હાલ : જીલ્લા જેલ, ભાવનગર ખાતે.

**વિરુધ્ધ**

**સામાવાળા– શ્રી સરકાર**

---

**બાબત : બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન અરજી.**

---

અરજદારો/આરોપીઓ તરફે વિ.વ.શ્રી ટી.એચ.બોરીચા.
સામાવાળા તર્ફે વિ.સ્પે.પી.પી.શ્રી વી.આર.દેવમુરારી.

---

**:: જજમેન્ટ ::**

(૧) આ કામના અરજદારો/આરોપીઓ તર્ફે વેળાવદર ભાલ પોલીસ સ્ટેશન પ્રોહી. ગુના રજી. નં.૧૧૧૯૮૦૬૬૨૬૦૦૨૪/૨૦૨૬ થી નોંધાયેલ પ્રોહી. એકટની કલમ ૬૫(એ)(ઇ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧

તથા ૮૩ મુજબના ગુન્હાના કામે રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા માટે હાલની અરજી બી.એન.એસ.એસ.ની કલમ ૪૮૩ હેઠળ કરેલ છે.

(૨) સદર જામીન અરજી સંદર્ભે સામાવાળા સરકારશ્રીને નોટીસ કરતા વિ.એ.પી.પી.શ્રી તપાસ કરનાર અમલદારના સોગંદનામા સાથે હાજર થયેલ છે. ત્યારબાદ અરજી અનુસંધાને સરકાર તરફે વિ.સ્પે.પી.પી.શ્રી તથા અરજદારો/આરોપીઓ તરફે વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવી.

(૩) અરજદારો/આરોપીઓના વિ.વ.શ્રીને સાંભળ્યા તેઓએ પોતાની દલીલમાં જણાવેલ છે કે, આ કામના અરજદારો/આરોપીઓ તદ્દન નિર્દોષ છે. કહેવાતા ગુન્હામાં કોઇ ભાગ ભજવેલ નથી. તેઓને ખોટી રીતે સદર ગુન્હામાં સંડોવી દેવામાં આવેલ છે. અરજદારો/આરોપીઓ પાસેથી કોઇ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ નથી કે મુદ્દામાલ અંગે અરજદારો/આરોપીઓ કશુ જાણતા નથી. અરજદારો/આરોપીઓ સામે પ્રથમદર્શનીય ગુન્હો બનતો નથી. વધુમાં, દલીલ કરી જણાવેલ છે કે, અરજદારો/આરોપીઓ કુટુંબ કબીલાવાળા માણસ છે અને તેઓ ઉપર તેમના પરિવારની જવાબદારી છે. જો અરજદારો/આરોપીઓને જામીન ઉપર મુકત કરવામાં ન આવે તો તેમનો પરિવાર વેરવિખેર થઇ જાય તેમ છે. અરજદારો/આરોપીઓ અરજીમાં જણાવેલ સરનામાના કાયમી રહેવાસી છે અને કયાંય નાસી–ભાગી જાય તેમ નથી. કોઈ ગુન્હાહિત ભુતકાળ ધરાવતા નથી. તેમજ નામ. કોર્ટ ફરમાવશે તે તમામ શરતોનું પાલન કરવા તૈયાર અને ખુશી છે. તેથી અરજદારો/આરોપીઓને જામીન ઉપર મુકત કરવા વિનંતી કરેલ છે.

(૪) સામાવાળા તર્ફે વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા. તેઓએ પોતાની દલીલમાં જણાવેલ છે કે, આ કામના અરજદારો/આરોપીઓ સામે પ્રોહી. એકટની કલમ ૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ તથા ૮૩ મુજબના ગુન્હાના આક્ષેપો છે. કુલ કિંમત રૂા.૧૦,૮૬,૧૪૪/– નો મોટા જથ્થામાં પ્રોહી મુદ્દામાલ મળી આવેલ છે. અરજદારો/આરોપીઓ સામે પ્રથમદર્શનીય કેસ છે. સદર ગુન્હાના કામે તપાસ ચાલુ છે. સહઆરોપીને પકડવાના બાકી છે. અરજદારો/આરોપીઓ હેબીચ્યુઅલ ઓફેનડર છે. જામીન મુકત કરવામાં આવશે તો ફરી આ પ્રકારના ગુન્હા કરે તેમ છે. જેથી

અરજદારો/આરોપીઓની હાલની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) અરજી હકીકત વંચાણે લીધી. આ કામે બંન્ને પક્ષકારોના વિ.વ.શ્રીઓની દલીલ ધ્યાને લીધી. તેમજ અરજદારો/આરોપીઓ તરફે આંક–૩ થી રજુ દસ્તાવેજો ધ્યાને લીધા. તેમજ તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું વંચાણે લીધું. રેકર્ડ ધ્યાને લેતાં, આ કામના અરજદારો/આરોપીઓ સામે વેળાવદર ભાલ પોલીસ સ્ટેશન પ્રોહી. ગુના રજી. નં.૧૧૧૯૮૦૬૬૨૬૦૦૨૪/૨૦૨૬ થી નોંધાયેલ પ્રોહી. એકટની કલમ ૬૫(એ)(ઇ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ તથા ૮૩ મુજબનો ગુન્હો નોંધાયેલ છે અને સદર ગુન્હાના કામે અરજદારો/આરોપીઓ જયુડીશ્યલ કસ્ટડીમાં છે. આ કામે ફરિયાદ હકીકત તથા તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું વંચાણે લેતાં, પોલીસ સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન બાતમીના આધારે વોચમાં હતા તે દરમિયાન આ કામના અરજદારો/આરોપીઓએ પોતાના કબજા હવાલાવાળી સફેદ કલરની બોલેરો પીકઅપ ગાડી રજી. નં. MP–11–G–5597 માં શાકભાજીની આડમાં ગેરકાયદેસર ભારતીય બનાવટનો પરપ્રાંતિય ઇંગ્લીશ દારુની કંપની સીલપેક બોટલો નંગ–૩૬૯૬ ની કિંમત રૂા.૯,૭૫,૭૪૪/– તથા બીયર ટીન નંગ–૯૬૦ ની કિંમત રૂા.૧,૧૦,૪૦૦/– મળી કુલ દારુ લીટર ૧૧૪૫.૨૮ કુલ કિંમત રૂા.૧૦,૮૬,૧૪૪/– ના પ્રોહી. મુદામાલ સાથે પકડાઇ જઇ, આ પકડાયેલ અરજદારો/આરોપીઓને આ ઇંગ્લીશ દારુનો જથ્થો ભરેલ ગાડી પકડવાના બાકી સહઆરોપી સુનીલ પરમારે આપી, ભાવનગર ખાતે મોકલાવી, આ કામના આરોપીઓએ આ ઇંગ્લીશ દારુનો જથ્થો વેચાણ અર્થે આપી તથા લાવી, ગુન્હાહિત કાવત્રુ રચી, સદર ગુન્હાહિત કૃત્યમાં એકબીજાને મદદગારી કરેલ હોવાના આક્ષેપો છે. અરજદારો/આરોપીઓ સામે પ્રથમદર્શનીય કેસ છે. સદર ગુન્હાના કામે તપાસ ચાલુ છે અને એક સહઆરોપીને પકડવાના બાકી છે. તેમજ ત.ક.અમલદાર ધ્વારા તેમના સોગંદનામામાં તથા વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેમની દલીલમાં જો અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો આ કામે પકડવાના બાકી આરોપીને નસાડી ભગાડી મુકે અને પુરાવાનો નાશ કરે અને

ફરીથી આ પ્રકારની પ્રોહી.ને લગતી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ કરે તેવી જે શકયતાઓ હોવાનું જણાવેલ છે તે હાલના તબકકે નકારી શકાય તેમ નથી. તેમજ અરજદારો/આરોપીઓ ગુજરાત બહારના રાજયના રહેવાસી છે. અરજદારો/આરોપીઓને જામીન ઉપર મુકત કરવામાં આવે અને નાસી ભાગી જાય તો અરજદારો/આરોપીઓ સામે સદર ગુન્હાની તપાસ તથા ટ્રાયલ વિલંબમાં પડે તેમ છે. તેમજ દિનપ્રતિદિન આ પ્રકારના ગુન્હાઓનું પ્રમાણ વધતુ જાય છે. જો અરજદારો/આરોપીઓને હાલના તબકકે જામીન ઉપર મુકત કરવામાં આવે તો તેની સમાજ પર વિપરીત અસર પડે તેમ છે. તે તમામ સંજોગોમાં, અરજદારો/આરોપીઓનો સદર ગુન્હાના કામે રોલ, ગુન્હાની હકીકત અને ગુન્હાનો પ્રકાર તથા ગુન્હાની ગંભીરતા તથા સજાની જોગવાઇ તથા આરોપીને જામીન ઉપર મુકત કરતી વખતે ધ્યાને લેવા પાત્ર તમામ પાસાઓ ધ્યાને લેતાં, હાલના તબકકે આરોપીને જામીન મુકત કરવા અંગેની વિવેકાધિન સત્તાનો ઉપયોગ આ કામના અરજદારો/આરોપીઓની તરફેણમાં કરવો ન્યાયોચિત જણાતુ નથી. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**:: હુ ક મ ::**

(૧) આ કામના અરજદારો/આરોપીઓની રેગ્યુલર જામીન પર મુકત કરવા માટેની હાલની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

આજરોજ તા.૧૨'મી માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : ભાવનગર.
તારીખ : ૧૩/૦૩/૨૦૨૬

(હેતલ સુરેશચંદ્ર દવે)
૩'જા એડી. ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ,
ભાવનગર.

Bhavik

UI CODE NO.GJ00693